જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૭/૨૦૧૪ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૫/૧૪**

**" અમરાઇવાડી મોતીભાઇ રબારીની હત્યાના ગુન્હામાં પકડાયેલ અને અમદાવાદ શહેરના જુદા-જુદા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારુના ગુન્હામાં નાસતો ફરતો ખુખાર અને ભેજાબાજ આરોપી રાહુલ ઉર્ફે રવિ S/o શીવનંદસિંહ ઠાકુર(સેંગર)ને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.**

અમદાવાદ શહેરમાં અવાર નવાર બનતા હત્યા તથા લુંટ જેવા બનાવો અટકાવી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ તેમજ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ પકડવા સારુ પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબનાઓએ સુચના આપેલ.જે સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.બી.રાણા નાઓની સુચના મુજબ પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણનાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાંન હાટકેશ્વર સર્કલ પાસે આવતાં પો.કો.રામનરેશ રામદાસનાઓએ આપેલ બાતમી હકિકત આધારે "જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૯૩/૨૦૧૪ પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ-ઇ), મુજબ ના કામે નાશતો-ફરતો આરોપી રાહુલ ઉર્ફે રવિ S/o શીવનંદસિંહ સેંગર (ઠાકુર) રહેઃ મ.નં.૨, આશોપાલવ ફ્લેટ, પુનિતનગર ફાટક પાસે, જશોદાનગર, અમદાવાદ શહેરનાને ખોખરા રાષ્ટ્રભારતી સ્કુલની પાસેથી CRPC કલમ ૪૧(૧)એ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.જેની પુછપરછ દરમ્યાંન તે ઉપરોક્ત ગુન્હામાં તેમજ રામોલ તથા સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ઇગ્લીંશ દારુના કેશમાં વોન્ટેડ હોય નાશતો ફરતો હોવાનુ જણાવે છે અને પોતે અગાઉ સને ૨૦૧૧ માં અમરાઇવાડી પોલીસ સ્ટેશનમાં મોતીભાઇ રબારીના હત્યાના ગુન્હામાં પકડાયેલ હોવાની હકિકત જણાવેલ છે.

**<u>ચોરીના મોબાઈલ ફોન તથા લેપટોપ સાથે  રીઠો ચોર પકડાયો.</u>**

અમદાવાદ શહેરના જાહેર માર્ગો ઉપર ફોર વ્હીલ વાહનોમાંથી મોબાઈલ ફોન તથા લેપટોપ ચોરીના બનાવો બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨/૭/૨૦૧૪ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓ તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે રીલીફરોડ વિજળીઘર સામેથી આરોપી વિક્રમ ઉર્ફે વિકી સ.ઓ. અરવિંદભાઇ રમણભાઇ દંતાણી ઉવ.૩૦ રહે : ગમા શેઠના મકાનમાં ગલાજીની ચાલી નં-૩ સરકારી લીથો પ્રેસ સામે દુધેશ્વર રોડ માધુપુરા અમદાવાદ શહેર નાને તેના કબ્જાના એક લીનોવો લેપટોપ કિ.રૂ.૨૦૦૦૦/-ના તથા સેમસંગ ગ્રાન્ડ મોબાઈલ ફોન નંગ-૧ કીરૂ.૧૫૦૦૦/- ના મળી કુલ્લે રૂ.૩૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઈ તેના કબ્જાનો આ મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ .

પકડાયેલ આ આરોપીની પુછપરછ કરતા તેની પાસેથી મળી આવેલ સેમસંગ ગ્રાન્ડ મોબાઈલ ફોન તેણે આજથી ચારેક મહિના પહેલા દિલ્લી દરવાજા થી માધુપુરા તરફ જતા ચાર રસ્તાના સિગ્નલ પાસે એક ગાડીમાંથી ચોરી કરેલાની કબુલાત કરેલ જે આધારે તપાસ કરતા સદર મોબાઇલના માલીક મળી આવતા જેઓની પુછપરછ કરતા તેઓએ  ગયા ફેબ્રુઆરી માસમાં માધુપુરા પો.સ્ટે. ખાતે પોતાની ફરીયાદ આપેલ હોવાનુ જણાઈ આવેલ છે. જેથી આરોપીને માધુપુરા પો.સ્ટે.તરફ મોકલવા તજવીજ કરવામાં આવેલ છે તેમજ તેની પાસેથી મળી આવેલ લેપટોપ બાબતે આરોપી કોઈ સંતોષકારક જવાબ આપતો ના હોય જે બાબતે તેની વધુ પુછપરછ કરવામાં આવી રહેલ છે અને આ લેપટોપના માલીકને શોધી કાઢવા સારુ આગળની વધુ તપાસ તજવીજ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.